**Reasons for the delay in laying the Rules to the Assembly table**

Gujarat Human Immunodeficiency Syndrome (Prevention and Control) Rules, 2021 have been made and published in Gazette vide notification dated 30-04-2021 No: GP/17/AID/102019/702/G/G.S.R. under the Section-49 of Human Immunodeficiency Virus and Acquired Immune Deficiency Syndrome (Prevention & Control) Act,2017 of Government of India. The said rules have been translated into Gujarati and published in Gazette on 23-01-2023. These Rules shall be laid before the State Legislature as mentioned in Section-49(3) of Human Immunodeficiency Virus and Acquired Immune Deficiency Syndrome (Prevention & Control) Act, 2017 of Government of India.

The said notification was published in English, due to outbreak of Corona Virus pandemic throughout the State, the said translation of notification into Gujarati has been delayed due to administrative reasons. Therefore the notification has been delayed in presenting on the Legislative table in the Assembly session.

Deputy Secretary
Health and Family Welfare Department

Extra No. 60

વાર્ષિક લવાજમનો દર રૂા. ૪,૦૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

VOL. LXII ] TUESDAY, MAY 25, 2021 / JYAITHA 4, 1943

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IV-A

**Rules and Orders (Other than those published in Parts I, I-A, and I-L) made by the Government of Gujarat under the Central Acts**

**HEALTH AND FAMILY WELFARE DEPARTMENT**

**NOTIFICATION**

Sachivalaya, Gandhinagar, 30th April, 2021.

**HUMAN IMMUNODEFICIENCY VIRUS AND ACQUIRED IMMUNE DEFICIENCY SYNDROME (PREVENTION AND CONTROL ACT, 2017).**

**NO:GP/17/AID/102019/702/G/G.S.R.-** In exercise of the powers conferred by section 49 read with section 23, 25, 26 and 34 of the Human Immunodeficiency Virus And Acquired Immune Deficiency Syndrome (Prevention And Control) Act, 2017 (No. 16 of 2017), the Government of Gujarat hereby makes the following rules, namely:-

**1. Short title and commencement.-**

(1) These Rules shall be called the **Gujarat Human Immunodeficiency Virus and Acquired Immune Deficiency Syndrome (Prevention And Control) Rules, 2021.**

(2) They shall come into force on the date of their publication in the *Official Gazette.*

**2. Definitions.-**

(l) In these rules, unless the context otherwise requires,-

(a) "Act" means the Human Immunodeficiency Virus and Acquired Immune Deficiency Syndrome (Prevention and Control) Act, 2017 (No. 16 of 2017);

(b) "Appropriate Authority" means, unless otherwise notified, the National AIDS Control Organisation (NACO) in case of the Central Government and the Gujarat State AIDS Control Society (GSACS) in case of the State Government;

(c) "ART" means Anti Retro Viral Treatment.

(d) "Child Welfare Committee" means Child Welfare Committee constituted under section 27 the Juvenile Justice (Care and Protection of Children) Act, 2015 (Act No. 2 of 2016);

(e) "Complaint" means any information or grievance made orally or in writing to the Ombudsman;

(f) "District" means revenue district of the State;

(g) "Form" means the forms annexed to these rules.

(h) "High burden districts" means districts as notified by the appropriate authority under the Central Government with specific mention of organization or sources and Years for declaring as such.

(i) "Ombudsman" means an Officer designated by the State Government, under section 23 of the Act;

(j) "Selection Committee" means a committee constituted by the State Government under rule 12 of these rules;

(k) State Level Network (SLN) means community base organisation of People living with HIV members, including Gujarat State Network of People living with HIV/AIDS (GSNP+) and their associated District Level Network ("DLN") in State of Gujarat; and

(l) 'State Grievance Redressed Committee (SGRC)' means committee formed as per the directives of Supreme Court for redressal of grievances at ART centres.

(2) All other words and expressions used in these Rules but not defined shall have the meaning respectively assigned to them in the Act.

**3. Diagnostic Facilities.-**

The Gujarat State AIDS Control Society shall:-

(1) Provide free diagnostic services to all individuals in the Government, Health Service Centres and Hospitals across the State; (treatment protocol and reporting) and also ensure quality of services related to HIV provided by Private Service provider.

(2) Provide ART drugs free of cost to all HIV positive persons as per the provisions of the Act and guidelines issued by National AIDS Control Organisation;

(3) Ensure that Opportunistic Infection (OIs) shall also be managed at the level of Institute having ART centre with State Government's support and all Opportunistic Infection drugs are made available as per NACO guidelines free of cost for the Persons Living with HIV in need from these Institutes.

**4. Appointment of Ombudsman.-**

(1) The Regional Deputy Director, Health and Medical Services shall ex-officio Ombudsman for the purpose of Human Immunodeficiency Virus and Acquired Immune Deficiency Syndrome (Prevention and Control) Act, 2017.

(2) Within thirty days of the appointment of the Ombudsman, the appropriate authority under the State Government shall disseminate information about the office of the Ombudsman, including the Ombudsman's jurisdiction, role, functioning and procedures, and the manner in which complaints can be made to the Ombudsman;

(3) Dissemination shall be undertaken to advance the understanding, in particular, of protected persons, healthcare workers, legal aid service authorities and civil authorities.

**5. Functions and responsibilities of the Ombudsman.-**

The Ombudsman shall perform the following functions, namely,-

1. Take cognizance of complaints and conduct inquiry into the violations of the provisions of the Act, in relation to acts of discrimination mentioned in section 3 of the Act and providing of healthcare services by any person including child affected by HIV.

2. If any protected person not willing to file a complaint to Ombudsman directly due to fear or stigma issues, District Level Network of People Living with HIV/AIDS and other State level Grievance Redressal committee may intervene with- written consent of such protected person. District Level Network of People Living with HIV and State Grievance Redressal Committee can make a complaint on behalf of protected person with the Ombudsman for justice. The Health Department; Gujarat Government shall provide the travel expenses to complainant for visiting the ombudsman office, which can be reimbursed under the Jatan Project through existing mechanism of GSACS/GSNP +.

3. Adjudicate and dispose of complaint of violations of the provisions of section 3 and provisions of health care services, provided by the State Government.

4. Ensure that the rights and entitlements of child affected by HIV or HIV- affected person or HIV-positive person are protected;

5. Transfer the complaints or matters concerning the child affected by HIV or HIV-affected person or HIV-positive person to other competent authorities like Child Welfare, Committee of the respective districts working as per Juvenile Justice (Care and Protection of Children) Act. 2015 and concerned Ombudsman having jurisdiction in the matter;

6. Conduct regular inspection visits of healthcare provider and institutions where child affected by HIV or HIV-affected person or HIV-positive person are living and recommending action for improvement in quality of services provided by such institutes to the State Government;

7. Take *suo motto* cognizance of cases and reaching out to child affected by HIV or HIV-affected person or HIV-

positive person.

8. Deal with cases referred by the State Government or other authorities;
9. Order the police for registration of first information report for offences committed against any child affected by HIV or HIV-affected person or HIV- positive person;
10. Access appropriate legal services for child affected by HIV or HIV-affected person or HIV-positive person;
11. Make of recommendations to State Government for effective implementation of Act and Rules;
12. Co-ordinate with the health, medical, police, social welfare department and other agencies involved in the welfare of child affected by HIV or HIV-affected person or HIV-positive person;
13. Passing necessary advisory to authorities for protection of rights of the child affected by HIV or HIV-affected person or HIV-positive person;
14. Ombudsman shall refer cases to Judicial Magistrate as define in section 41 of Act dealing with the non-compliance of provisions of Act and these rules;

**6. Manner of making complaints and maintaining records by Ombudsman.-**

1. Any person may make a complaint to the Ombudsman within whose jurisdiction the alleged violation took place, within three months from the date the person making the complaint became aware of the alleged violation of the Act and these rules:

   Provided that, if Ombudsmen is satisfied that circumstances prevented the complainant from making the complaint within the stipulated period; after recording reason thereof, he may extend the time limit to make the complaint by a further period not exceeding of three months.
2. All complaints shall be made to the Ombudsman in writing in Form 1 appended to these rules;
3. District Level Network of People Living with HIV (DLN)/ State. Level Network of People Living with HIV (SLN)/NGO's/Civii society/Government Officers may complain to Ombudsman on the behalf of the protected person.if he/she/TG feel fear of confidentiality with written consent of protected person,
4. The Ombudsman may receive complaints made in person, via post, telephonically, or through electronic form through the Ombudsman's website;
5. Where a complaint cannot be made in writing the Ombudsman shall render all reasonable assistance to the complainant to reduce the complaint in writing;
6. After receipt of a complaint, it shall be recorded by assigning a sequential unique complaint number in a register maintained for that purpose in physical or computerised form.
7. On receipt of the complaint, it shall be acknowledge by sending the unique complaint number by SMS or e-mail to the complainant;
8. The time of the complaints and the action taken on the complaint shall be recorded in the register;
9. The register of complaints shall be maintained in a manner that ensures confidentiality; and comply with data protection measures in accordance with section 11 of the Act.

**7. Inquiring into complaints by Ombudsman.-**

1. The Ombudsman shall act in an objective and independent manner while inquiry into complaints made under the Act and these rules;
2. On receipt of a complaint or while taking *sou motto* cognizance, the Ombudsman shall hold an inquiry in just and proper manner.
3. The inquiry shall satisfy the basic principles of natural justice and the complainant shall be given an opportunity of being heard and narration of the accused shall be taken into consideration;
4. The Ombudsman shall conduct the inquiry in a friendly manner and shall not use adversarial or accusatory words that adversely impact the dignity or self-esteem of the complainant;
5. While inquiry into complaint under the Act and these rules, the Ombudsman shall give a reasonable opportunity to concerned parties to be heard and in appropriate cases receiving evidence on affidavits:

   Provided that cross-examination shall be permitted in inquiries before the Ombudsman;
6. The Ombudsman may, in the interests of justice, take the assistance of experts, including protected persons and persons vulnerable to HIV, and persons working in the fields of HIV and AIDS, public health or health delivery systems;

7. The Ombudsman shall have the power to pass interim orders in cases of medical emergency including directing admissions, operations or treatment and the provision of universal precautions:

Provided that the Ombudsman shall, as soon as may be, after the passing of such interim orders, consider the representations of the parties by giving them a reasonable opportunity to be heard, and in appropriate cases may receive evidence on affidavits, and pass appropriate orders;

8. The Ombudsman shall, within a period of thirty days of the receipt of the complaint and after giving an opportunity of being heard to the parties, pass such order, as he deems fit, giving reasons therefor;

Provided that in cases of medical emergency of HIV positive persons, the ombudsman- shall pass such order as soon as possible, preferably within twenty-four hours or the receipt of the complaint.

9. It shall be the duty of the Ombudsman to inform the complainant of the action taken in relation to the Zomplaint and ensure that the complaints, their number and nature, and the action taken and orders passed in relation to such complaints are published on the website of the Ombudsman.

Provided that, the Ombudsman shall preserve strict confidentiality of the protected person while publishing the orders on the website.

10. The Ombudsman shall provide all parties to the complaint with copies of the written order within 7 days of deciding the complaint;

11. The Ombudsman shall inform the parties to the complaint of their right to seek judicial review against the order passed by him.

12. The Ombudsman shall submit a quarterly report to Health and Family Welfare Department, Legal Department and State AIDS Control Society on the nature of disposal of cases and pendency of cases in the proforma provided by the Health and Family Welfare Department for the purpose of periodical review;

13. All proceedings before the Ombudsman shall be deemed to-be judicial proceedings within the meaning of section 193 of the Indian Penal Code (45 of 1860).

**8. Orders passed by Ombudsman.-** The Ombudsman on being satisfied after conducting the inquiry, may, pass one or more of the following orders, namely:—

1. pass orders for the withdrawal and rectification of the violation;

2. pass orders directing the person who has committed the violation to undergo a fixed period of counselling related to the violation committed and a fixed period of social service, which shall include working with a non-governmental organisation working on HIV, a protected person's network, or the appropriate authority under the State Government;

3. direct specific steps or special measures or both to be taken;

4. direct any person who has committed the violation to make regular reports to the Ombudsman regarding implementation of the Ombudsman's order;

5. make such orders as to cost as are considered reasonable and such cost shall be utilized for welfare of HIV positive people;

6. directions to healthcare provider or persons or institutions or facilities in whose care the child affected by HIV or HIV-affected person or HIV-positive person is placed, regarding care, protection and rehabilitation of the said person, including directions relating to immediate treatment and services such as medical attention, therapy, psychiatric and psychological support including need-based counselling, occupational therapy etc.;

7. any other order related to any other function;

**9. Manner of recording pseudonym and providing suppression of identity in legal proceedings.-**

(1) In any legal proceeding where a court, pursuant to section 34(l)(a) of the Act directs, on an application made by a protected person or any other person, that in the interests of justice the proceeding or any part thereof be conducted by suppressing the identity of such protected person, the Registrar of the court shall direct all parties involved to:

(i) File one copy of the documents bearing the full name, identity and identifying details of the parties concerned before the court, which shall be kept in a sealed cover and in safe custody with the Registrar;

(ii) Serve one copy of documents bearing the full name, identity and identifying details of the parties concerned upon other parties in the proceeding with a requirement to ensure that the fxxll name and identity of the parties concerned are kept confidential;

(2) The Registrar shall provide pseudonyms to protected persons involved in the legal proceedings in the documents filed before the court in such manner that the identity and identifying details of the protected person involved in the legal proceeding are kept confidential;

(3) The Registrar shall place the sealed covered documents before the court "on the first date the legal proceeding is listed for hearing before the court, if so required by the court;

(4) The identities of the protected person involved in the legal proceeding and their identifying details shall be displayed in pseudonym in all documentation generated by the court in relation to the legal proceeding, including listing of the case on the court Board, interim orders and final judgments;

(5) The identity and identifying details of the protected person involved in the legal proceeding shall not be revealed by any person or their representatives including assistants and staff;

Exception: Where in the interest of justice the name and identity of the protected person needs to be revealed to a third party, it shall only be allowed by an order of the court;

(6) Printing or publishing any matter in relation to the aforementioned legal proceedings in electronic or any other form, shall be lawful only if the same is done by ensuring the suppression of identities of the parties in the legal proceeding;

(7) In any legal proceeding before it under the Act, the court shall comply with data protection measures in accordance with the provisions of the section 11 of the Act;

(8) The Ombudsman also, while holding the inquiry, shall protect the identity of the protected person by following above mentioned provisions.

**10. Care and protection of children.-**

1. State Government shall take appropriate measures for care and protection of all children affected by HIV or HIV-positive children which also includes HIV prevention, counselling and testing activities;
2. State Government shall also ensure free healthcare services and treatment to all children affected by HIV or HIV-positive children who -are living in child care institutions established under Juvenile Justice (Care and Protection of Children) Act, 2015;
3. The Child Welfare Committee shall take appropriate measures for safe keeping documents related to the property of children affected by HIV or AIDS;
4. State Government, within three' months of notifications of these rules, shall lay-down the mechanism and procedure for protection of property of children affected by HIV or AIDS;
5. The Ombudsman shall establish effective linkages with Child Welfare Committee and transfer the cases falling in their jurisdiction;
6. The Appropriate authority shall disseminate information about the Child Welfare Committee to all children affected by HIV or HIV-affected persons or HIV-positive persons;

**11 Procedures in inquiries.-**

Ombudsman while holding any inquiry under any of the provisions of the Act and these rules, shall follow the procedure laid down for Civil Court under Code of Civil. Procedure, 1908.

**12 Report be treated as confidential.-**

All reports related to any child affected by HIV or HIV-affected person or HIV-positive person and considered by the Ombudsman or officer or healthcare provider or institution shall be treated as confidential:

Provided that the Ombudsman may, if it so thinks fit, allow access to case record, orders and relevant papers : of any child affected by HIV or HIV-affected person or HIV- positive person.

**13 Measures for Public awareness.-**

The State Government shall take necessary measures to ensure that—

(1) the provisions of the Act and these rules are given wide publicity through media including television, radio and print media at regular intervals so as to make the general public, child affected by HIV or HIV-affected person or HIV-positive person aware of such provisions;

(2) the officers of the State Government and other concerned. Persons shall be imparted periodic training on the matters relating to the implementation of the provisions of the Act.

**14 Protection of action taken in good faith.-**

No suit, prosecution or other legal proceeding shall lie against the Ombudsman or officer of the State Government or any person acting under the directions of the Ombudsman or State Government, as the case may be, in respect of anything which is done in good faith or intended to be done in pursuance of the Act or of any these rules.

**15 Non-Compliance of the Provisions.-**

In any case where Ombudsman or officer or healthcare provider or institution fails to comply with the provisions of the Act and these Rules framed there under, the State Government may take action against such Ombudsman or officer or healthcare provider or institution etc. after due inquiry and simultaneously make alternative arrangements for discharge of functions for effective implementation of the Act and rules.

**Form 1**

*(see rule 6(2))*

**Form for making Complaint to Ombudsman**

Name: ______________________________(Optional) Date: ______________________________

Phone/Mobile No:

Email:: ........................................................................................................Fax

Address for communication: ____________________________________________________________

____________________________________________________________________________________

Date of Incident. __________

Place of Incident __________

____________________________________________________________________________________

____________________________________________________________________________________

____________________________________________________________

Description of incident:

____________________________________________________________________________________

____________________________________________________________________________________

____________________________________________________________________________________

______________________________________________

Person/ Institution responsible for the incident:

____________________________________________________________________________________

____________________________________________________________________________________

____________________________________________________________________________________

______________________________________________________________________

Signature/ Thumb Impression of Complainant*

* Where the complaint is received telephonically and reduced to writing by Ombudsman, the Ombudsman shall sign the Form.

For Official Use only:
Unique Complaint Number:

In-Referral: Self/State Level Networks/DLN/NGOs/Other

By order and in the name of the Governor of Gujarat,

**S. N. GOSAI,**
Under Secretary to Government.

---

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

# વિધાનસભાના મેજ પર રજુ કરવામાં થયેલ વિલંબના કારણો

ભારત સરકારના Human Immunodeficiency Virus and Acquired Immune Deficiency Syndrome (Prevention & Control) Act,2017ના Section-49 હેઠળ Gujarat Human Immunodeficiency Syndrome (Prevention and Control) Rules, 2021 ઘડવામાં આવેલ છે.જે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૩૦-૦૪-૨૦૨૧ના જાહેરનામાં ક્રમાંક:જીપી/૧૭/એઆઈડી/૧૦૨૦૧૯/૭૦૨/ જી/જી.એસ.આર. થી અંગ્રેજી ગેજેટમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. તથા આ નિયમોને ગુજરાતીમાં અનુવાદ કરીને તા.૨૩/૦૧/૨૦૨૩ના રોજ ગેજેટમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. આ નિયમો ભારત સરકારના Human Immunodeficiency Virus and Acquired Immune Deficiency Syndrome (Prevention & Control) Act,2017ના Section-49(3) ની જોગવાઈ અનુસાર વિધાનસભાગૃહના મેજ પર મૂકવાના રહે છે.

ઉકત નિયમો તા.૩૦/૦૪/૨૦૨૧ના જાહેરનામાંથી અંગ્રેજીમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ હતા પરંતુ કોરોના વાયરસની મહામારી સમગ્ર રાજ્યમાં વ્યાપેલ હોવાથી તથા પ્રસ્તુત નિયમોનું ગુજરાતીમાં ભાષાંતર કરવામાં વિલંબ થયેલ હોય આવા વહીવટી કારણોસર પ્રસ્તુત નિયમોને વિધાનસભા ગૃહના મેજ પર રજુ કરવામાં વિલંબ થયેલ છે.

નાયબ સચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

Extra No. 51

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXIV ]  THURSDAY, FEBRUARY 9, 2023 / MAGHA 20, 1944**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી જાન્યુઆરી, ૨૦૨૩

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ**ના **તારીખ: ૩૦મી એપ્રિલ, ૨૦૨૧** ના જાહેરનામાં **ક્રમાંક: જીપી/ ૧૭/ એઆઈડી/ ૧૦૨૦૧૯/ ૭૦૨/ જી/ જી.એસ.આર.**- નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

**વી. એન. શેખ,**
સરકારના નાયબ સચિવ.

**NOTIFICATION**

***under***

**The Gujarat Human Immunodeficiency Virus and Acquired Immune Deficiency Syndrome (Prevention And Control ) Act, 2017**

**માનવ રોગ-પ્રતિરક્ષા ઉણપ વિષાણુ અને ઉપાર્જિત રોગ-પ્રતિરક્ષા ઉણપ રોગલક્ષણ (નિવારણ અને નિયંત્રણ) અધિનિયમ, ૨૦૧૭ હેઠળ**

**જાહેરનામું**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી એપ્રિલ, ૨૦૨૧

**ભારતનું સંવિધાન.**

**ક્રમાંકઃ જીપી/ ૧૭/ એઆઇડી/ ૧૦૨૦૧૯/ ૭૦૨/ જી/ જી.એસ.આર.:**- માનવ રોગ-પ્રતિરક્ષા ઉણપ વિષાણુ અને ઉપાર્જિત રોગ-પ્રતિરક્ષા ઉણપ રોગલક્ષણ (નિવારણ અને નિયંત્રણ) અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ૧૬મા અધિનિયમ)ની કલમો ૨૩, ૨૫, ૨૬ અને ૩૪ સાથે વાંચતા, કલમ ૪૯ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નીચેના નિયમો કરે છેઃ-

૧. **ટૂંકી સંજ્ઞા અને આરંભ.**-

(૧) આ નિયમો **ગુજરાત માનવ રોગ-પ્રતિરક્ષા ઉણપ વિષાણુ અને ઉપાર્જિત રોગ-પ્રતિરક્ષા ઉણપ રોગલક્ષણ (નિવારણ અને નિયંત્રણ) નિયમો, ૨૦૨૧** કહેવાશે.

(૨) તે રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

૨. **વ્યાખ્યા.**-

(૧) આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,-

(ક) “અધિનિયમ” એટલે માનવ રોગ-પ્રતિરક્ષા ઉણપ વિષાણુ અને ઉપાર્જિત રોગ-પ્રતિરક્ષા ઉણપ રોગલક્ષણ (નિવારણ અને નિયંત્રણ) અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭નો ૧૬મો અધિનિયમ);

(ખ) “સમુચિત સત્તામંડળ” એટલે અન્યથા જાહેર કર્યું ન હોય, તો કેન્દ્ર સરકારના કિસ્સામાં રાષ્ટ્રીય એઇડ્સ નિયંત્રણ સંગઠન (NACO) અને રાજ્ય સરકારના કિસ્સામાં, ગુજરાત રાજ્ય એઇડ્સ નિયંત્રણ સોસાયટી (GSACS);

(ગ) “એઆરટી (ART)” એટલે એન્ટિ રેટ્રો વાયરલ ટ્રિટમેન્ટ;

(ઘ) “બાળ કલ્યાણ સમિતિ” એટલે કિશોર ન્યાય (બાળકની સંભાળ અને રક્ષણ બાબત) અધિનિયમ, ૨૦૧૫ (સન ૨૦૧૬નો અધિનિયમ ક્રમાંક ૨)ની કલમ ૨૭ હેઠળ રચાયેલી બાળ કલ્યાણ સમિતિ. ;

(ચ) “ફરિયાદ” એટલે મૌખિક રીતે અથવા લેખિતમાં ફરિયાદ અધિકારીને કરવામાં આવેલી જાણ અથવા ફરિયાદ;

(છ) “જિલ્લો” એટલે રાજ્યનો મહેસૂલી જિલ્લો;

(જ) “નમૂનો” એટલે આ નિયમો સાથે જોડેલા નમૂના;

(ઝ) “ઉચ્ચ ભારણ વાળા જિલ્લા” એટલે તેમ જાહેર કરવા માટે સંગઠન અથવા સાધનો અને વર્ષોના ખાસ ઉલ્લેખ સાથે કેન્દ્ર સરકાર હેઠળના સમુચિત સત્તામંડળે જાહેર કર્યા હોય તેવા જિલ્લા;

(ટ) “ફરિયાદ અધિકારી (ઓમ્બડસૂમેન)” એટલે અધિનિયમની કલમ ૨૩ હેઠળ રાજ્ય સરકારે મુકરર કરેલા અધિકારી;

(ઠ) “પસંદગી સમિતિ” એટલે આ નિયમોના નિયમ ૧૨ હેઠળ રાજ્ય સરકારે રચેલી સમિતિ;

(ડ) “રાજ્ય સ્તરનું નેટવર્ક (SLN) એટલે HIV/ AIDS (GSNP+) DLN સાથે જીવતા ગુજરાત રાજ્ય નેટવર્કના લોકો અને તેની સાથે સંકળાયેલા ગુજરાત રાજ્યમાંના જિલ્લા સ્તરના નેટવર્ક સહિત, એચઆઇવી (HIV) ના સભ્યો સાથે જીવતા લોકોનું સમુદાય આધારિત સંગઠન; અને

(ઢ) “રાજ્ય ફરિયાદ નિવારણ સમિતિ (SGRC)” એટલે એઆરટી કેન્દ્રો પર ફરિયાદ નિવારણ માટે સુપ્રિમ કોર્ટના આદેશો પ્રમાણે રચવામાં આવેલી સમિતિ.

(૨) આ નિયમોમાં વાપરેલા પણ વ્યાખ્યાયિત ન કરેલા તમામ શબ્દો અને શબ્દપ્રયોગોનો અર્થ, અધિનિયમમાં અનુક્રમે તેનો જે અર્થ કરવામાં આવ્યો હોય, તે જ અર્થ થશે.

૩. **નિદાનની સુવિધા.-**

ગુજરાત રાજ્ય એઇડ્સ નિયંત્રણ સોસાયટીએ:-

(૧) રાજ્યમાં આવેલા સરકારના, આરોગ્ય સેવા કેન્દ્રોના અને હોસ્પિટલોના તમામ કર્મચારીઓને મફત નિદાન સેવા ( સારવાર પ્રોટોકોલ (શિષ્ટાચાર) અને અહેવાલ) પૂરી પાડવી જોઇશે અને ખાનગી સેવા પ્રબંધક દ્વારા પૂરી પાડવામાં આવતી એચઆઇવી(HIV) સંબંધિત સેવાઓની ગુણવત્તા પણ સુનિશ્ચિત કરવી જોઇશે.

(૨) અધિનિયમની જોગવાઇઓ અને રાષ્ટ્રીય એઇડ્સ નિયંત્રણ સંગઠને બહાર પાડેલી માર્ગદર્શિકા પ્રમાણે એચઆઇવી(HIV) પોઝિટિવ હોય તેવી વ્યક્તિઓને એઆરટી (ART) ડ્રગ્સ (ઔષધિઓ) વિનામૂલ્યે પૂરી પાડવી જોઇશે.

(૩) તે બાબત સુનિશ્ચિત કરવી જોઇશે કે રાજ્ય સરકારની સહાયથી એઆરટી (ART) કેન્દ્ર ધરાવતી સંસ્થા દ્વારા તેના સ્તરે પણ ઓપોર્ચ્યૂનિસ્ટિક ઇન્ફેક્શન (OIs) ની સારવાર આપવામાં આવે અને ઓપોર્ચ્યૂનિસ્ટિક ઇન્ફેક્શન (OIs)ની તમામ ડ્રગ્સ (ઔષધિઓ), રાષ્ટ્રીય એઇડ્સ નિયંત્રણ સંગઠન (NACO)ની માર્ગદર્શિકા પ્રમાણે આ સંસ્થાઓમાંથી તેની જરૂર હોય તેવી **એચઆઇવી**(HIV) સાથે જીવતી વ્યક્તિઓ માટે વિનામૂલ્યે ઉપલબ્ધ રાખવામાં આવે.

૪. **ફરિયાદ અધિકારી (ઓમડસૂમેન)ની નિમણૂક.-**

(૧) પ્રાદેશિક નાયબ નિયામક, આરોગ્ય અને તબીબી સેવાઓ, માનવ રોગ-પ્રતિરક્ષા ઉણપ વિષાણુ અને ઉપાર્જિત રોગ-પ્રતિરક્ષા ઉણપ રોગલક્ષણ (નિવારણ અને નિયંત્રણ) અધિનિયમ, ૨૦૧૭ ના હેતુ માટે હોદ્દાની રૂએ ફરિયાદ અધિકારી રહેશે.

(૨) રાજ્ય સરકાર હેઠળના સમુચિત સત્તામંડળે, ફરિયાદ અધિકારીની હકૂમત, ભૂમિકા, કામકાજ અને કાર્યરીતિ અને ફરિયાદ અધિકારીને કઇ રીતે ફરિયાદો કરી શકાશે તે સહિત, તેની કચેરી વિશેની માહિતી ફરિયાદ અધિકારીની નિમણૂકના ત્રીસ દિવસની અંદર પ્રસિદ્ધ કરવી જોઇશે;

(૩) સુરક્ષિત વ્યક્તિઓ, આરોગ્ય સંભાળ કર્મચારીઓ, કાનૂની સહાય સેવા સત્તાધિકારીઓ અને મુલકી સત્તાધિકારીઓની જાણકારીમાં વધારો કરવા માટે પ્રસાર કરવો જોઇશે.

૫. **ફરિયાદ અધિકારીના કાર્યો અને જવાબદારીઓ.-**

ફરિયાદ અધિકારીએ નીચેના કાર્યો કરવા જોઇશે,-

(૧) અધિનિયમની કલમ ૩માં જણાવેલા ભેદભાવના કૃત્યોના સંબંધમાં, અધિનિયમની જોગવાઇઓના ઉલ્લંઘનમાં ફરિયાદોની ન્યાયિક નોંધ લેવી અને એચઆઇવી(HIV)થી અસર પામેલા બાળક સહિતની કોઇ વ્યક્તિને આરોગ્ય સંભાળ સેવા પૂરી પાડવા બાબતે તપાસ હાથ ધરવી.

(૨) કોઇ સુરક્ષિત વ્યક્તિ, ડર અથવા લાંછનના કારણે પ્રત્યક્ષ રીતે ફરિયાદ કરવા ન ઇચ્છતી હોય, તો એચઆઇવી(HIV)/ એઇડ્સ સાથે જીવતા લોકોનું જિલ્લા કક્ષાનું નેટવર્ક અને બીજી રાજ્ય કક્ષાની ફરિયાદ નિવારણ સમિતિ, આવી સુરક્ષિત વ્યક્તિની લેખિતમાં મંજૂરી લઇને દરમિયાનગીરી કરી શકશે. એચઆઇવી(HIV)/ એઇડ્સ સાથે જીવતા લોકોનું જિલ્લા કક્ષાનું નેટવર્ક અને રાજ્ય કક્ષાની ફરિયાદ નિવારણ સમિતિ, ન્યાય માટે ફરિયાદ અધિકારીને સુરક્ષિત વ્યક્તિ વતી ફરિયાદ કરી શકશે. આરોગ્ય વિભાગ, ગુજરાત સરકારે, ફરિયાદ અધિકારીની કચેરીની મુલાકાત લેવા માટે થયેલો મુસાફરી ખર્ચ ફરિયાદીને પૂરો પાડવો જોઇશે, જેની ભરપાઇ જતન પ્રોજેક્ટ હેઠળ જીએસએસીએસ/ જીએસએનપી+ -ની વિદ્યમાન વ્યવસ્થા મારફત કરવી જોઇશે.

(૩) કલમ ૩ ની જોગવાઇઓના અને રાજ્ય સરકારે પૂરી પાડેલી આરોગ્ય સંભાળ સેવાઓની જોગવાઇઓના ઉલ્લંઘનોની ફરિયાદનો નિવેડો લાવવો અથવા નિકાલ કરવો.

(૪) એ બાબત સુનિશ્ચિત કરવી કે એચઆઇવી(HIV)થી અસર પામેલ બાળકને અથવા એચઆઇવી(HIV)થી અસર પામેલ વ્યક્તિને અથવા એચઆઇવી(HIV) ધરાવતી વ્યક્તિને સુરક્ષિત રાખવામાં આવી છે.

(૫) એચઆઇવી(HIV)થી અસર પામેલ બાળક અથવા એચઆઇવી(HIV)થી અસર પામેલ વ્યક્તિ અથવા એચઆઇવી (HIV) ધરાવતી વ્યક્તિને સંબંધિત ફરિયાદો અથવા બાબતોને, કિશોર ન્યાય (બાળકની સંભાળ અને રક્ષણ બાબત)

અધિનિયમ, ૨૦૧૫ મુજબ કામ કરતા બાળ કલ્યાણ સમિતિ જેવા બીજા સંબંધિત જિલ્લાના સક્ષમ સત્તામંડળને અને તે બાબતે હકૂમત ધરાવતા સંબંધિત ફરિયાદ અધિકારીને તબદીલ કરવી.

(૬) એચઆઈવી(HIV)થી અસર પામેલ બાળક અથવા એચઆઈવી(HIV)થી અસર પામેલ વ્યક્તિ અથવા એચઆઈવી(HIV) ધરાવતી વ્યક્તિ રહેતી હોય તે આરોગ્ય સંભાળ પ્રબંધક અને સંસ્થાની નિયમિત તપાસ મુલાકાત યોજવી અને આવી સંસ્થા દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓની ગુણવત્તામાં સુધારા માટે પગલા લેવાની ભલામણ રાજ્ય સરકારને કરવી.

(૭) કેસોની આપમેળે ન્યાયિક નોંધ લેવી અને એચઆઈવી(HIV)થી અસર પામેલ બાળક અથવા એચઆઈવી(HIV)થી અસર પામેલ વ્યક્તિ અથવા એચઆઈવી(HIV) ધરાવતી વ્યક્તિના સંપર્ક સાધવો.

(૮) રાજ્ય સરકાર અથવા બીજા સત્તામંડળોએ પુછાણ માટે મોકલેલા કેસોની તજવીજ કરવી.

(૯) એચઆઈવી(HIV)થી અસર પામેલ બાળક અથવા એચઆઈવી(HIV)થી અસર પામેલ વ્યક્તિ અથવા એચઆઈવી(HIV) ધરાવતી વ્યક્તિ સામે કરવામાં આવેલા ગુનાનો પ્રથમ માહિતી અહેવાલ નોંધવા માટે પોલીસને હુકમ કરવો.

(૧૦) એચઆઈવી(HIV)થી અસર પામેલ બાળક અથવા એચઆઈવી(HIV)થી અસર પામેલ વ્યક્તિ અથવા એચઆઈવી(HIV) ધરાવતી વ્યક્તિ-ને ઉચિત કાનૂની સેવાઓ ઉપલભ્ય કરાવવી.

(૧૧) અધિનિયમ અને નિયમોના અસરકારક અમલ માટે રાજ્ય સરકારને ભલામણ કરાવવી.

(૧૨) એચઆઈવી(HIV)થી અસર પામેલ બાળક અથવા **એચઆઈવી**(HIV)થી અસર પામેલ વ્યક્તિ અથવા **એચઆઈવી**(HIV) ધરાવતી વ્યક્તિના કલ્યાણના કામ સાથે સંકળાયેલ આરોગ્ય, તબીબી, પોલીસ, સામાજિક કલ્યાણ વિભાગ અને બીજી એજન્સીઓ સાથે સંકલન કરવું.

(૧૩) એચઆઈવી(HIV)થી અસર પામેલ બાળક અથવા એચઆઈવી(HIV)થી અસર પામેલ વ્યક્તિ અથવા **એચઆઈવી**(HIV) ધરાવતી વ્યક્તિના અધિકારોના રક્ષણ માટે સત્તામંડળોને જરૂરી સલાહ પૂરી પાડવી.

(૧૪) ફરિયાદ અધિકારીએ, અધિનિયમ અને આ નિયમોની જોગવાઈઓના અપાલન અંગે તજવીજ કરતા કેસો અધિનિયમની કલમ ૪૧માં વ્યાખ્યાયિત કર્યા પ્રમાણે જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટને પુછાણ માટે મોકલવા.

**૬. ફરિયાદો કરવાની રીત અને ફરિયાદ અધિકારી દ્વારા રેકર્ડ્સ નિભાવવા બાબત-.**

(૧) ફરિયાદ કરનાર કોઈપણ વ્યક્તિ, તેને, અધિનિયમ અને આ નિયમો-ના કથિત ઉલ્લંઘનની જાણ થયાની તારીખથી ત્રણ મહિનાની અંદર, જેની હકૂમતની અંદર કથિત ઉલ્લંઘન થયું હોય તે ફરિયાદ અધિકારીને ફરિયાદ કરી શકશે:
પરંતુ ફરિયાદ અધિકારીને એવી ખાતરી થાય કે, ફરિયાદી, અમુક સંજોગોને કારણે નિયત મુદતની અંદર ફરિયાદ કરી શક્યો ન હતો તો, તે, તેના કારણની નોંધ કર્યા પછી, ત્રણ મહિનાથી વધુ નહિ તેટલી વધુ મુદત માટે, ફરિયાદ કરવા માટેની સમયમર્યાદા લંબાવી શકશે.

(૨) તમામ ફરિયાદ, ફરિયાદ અધિકારીને આ નિયમો સાથે જોડેલા નમૂના ૧માં લેખિતમાં કરવી જોઈશે.

(૩) HIV ધરાવનાર વ્યક્તિઓના જિલ્લા સ્તરના નેટવર્ક (તંત્ર-વ્યવસ્થા) (DLN)/ HIV ધરાવનાર વ્યક્તિઓના રાજ્ય સ્તરના નેટવર્ક (તંત્ર-વ્યવસ્થા) (SLN)/ બિન-સરકારી સંસ્થાઓ (NGO)/ નાગરિક સંગઠન/ સરકારી અધિકારીઓ-ને, રક્ષિત વ્યક્તિની લેખિત સંમતિથી ગોપનીયતાની દહેશત જણાય તો, તેઓ/ તેણી/ ઉભયલિંગી, તેના વતી ફરિયાદ અધિકારીને ફરિયાદ કરી શકશે.

(૪) ફરિયાદ અધિકારી, ટપાલ મારફતે, ટેલિફોનથી અથવા ફરિયાદ અધિકારીની વેબસાઈટના માધ્યમથી ઈલેક્ટ્રોનિક સ્વરૂપે વ્યક્તિગત રીતે ફરિયાદ મેળવી શકશે.

(૫) ફરિયાદ લેખિતમાં થઈ શકે તેમ ન હોય ત્યારે, ફરિયાદ અધિકારીએ, લેખિતમાં ફરિયાદ કરવા માટે, ફરિયાદીને વાજબી તમામ સહાય કરવી જોઈશે.

(૬) ફરિયાદ મળ્યા પછી, તે હેતુ માટે નિભાવેલા પત્રક (રજિસ્ટર)માં ક્રમિક વિશિષ્ટ ફરિયાદ નંબર આપીને, પ્રત્યક્ષ અથવા કોમ્પ્યુટરાઈઝડ સ્વરૂપમાં તેની નોંધ કરવી જોઈશે.

(૭) ફરિયાદ મળ્યે, ફરિયાદીને, SMS અથવા ઇ-મેઈલ-થી ક્રમિક વિશિષ્ટ ફરિયાદ નંબર મોકલીને, તેની સ્વીકૃતિ આપવી જોઈશે.

(૮) ફરિયાદોનો સમય અને તેના પર લીધેલ પગલાંની નોંધ, પત્રકમાં કરવી જોઈશે.

(૯) ફરિયાદ પત્રક, અધિનિયમની કલમ ૧૧ અનુસાર ગોપનિયતા સુનિશ્ચિત કરે અને માહિતીની જાળવણીના પગલાંનું પાલન થાય તેવી રીતે નિભાવવું જોઇશે.

**૭. ફરિયાદ અધિકારીએ ફરિયાદોની તપાસ કરવા બાબત.-**

(૧) ફરિયાદ અધિકારીએ, અધિનિયમ અને આ નિયમો હેઠળ કરાયેલી ફરિયાદોની તપાસ દરમિયાન, તટસ્થ અને સ્વતંત્ર રીતે કામગીરી કરવી જોઇશે.

(૨) ફરિયાદ મળ્યે અથવા પોતાની મેળે નોંધ લેતી વખતે, ફરિયાદ અધિકારીએ, ન્યાયોચિત અને યોગ્ય રીતે તપાસ કરવી જોઇશે.

(૩) તપાસથી, કુદરતી ન્યાયના મૂળભૂત સિધ્ધાંતો પરિપૂર્ણ થતા હોવા જોઇશે તેમજ ફરિયાદીને, સુનાવણીની એક તક આપવી જોઇશે અને આરોપીનું બયાન, ધ્યાનમાં લેવું જોઇશે.

(૪) ફરિયાદ અધિકારીએ, મૈત્રીપૂર્ણ રીતે તપાસ કરવી જોઇશે અને તેઓએ, ફરિયાદીના માન-મરતબાને વિપરીત રીતે અસર કરે તેવા વિરોધી શબ્દો અથવા તેના સ્વાભિમાનને વિપરીત રીતે અસર કરે તેવા આરોપાત્મક શબ્દો વાપરવા જોઇશે નહિ.

(૫) અધિનિયમ અને આ નિયમો હેઠળ ફરિયાદની તપાસ દરમિયાન, ફરિયાદ અધિકારીએ, સંબંધિત પક્ષકારોને સુનાવણીની અને યોગ્ય કિસ્સાઓમાં, સોગંદ પર પુરાવો મેળવવાની વાજબી તક આપવી જોઇશે: પરંતુ ફરિયાદ અધિકારી સમક્ષની તપાસોમાં ઊલટતપાસનીપરવાનગી આપવી જોઇશે.

(૬) ફરિયાદ અધિકારી, રક્ષિત વ્યક્તિઓ અને HIVથી સંક્રમિત વ્યક્તિઓ અને HIV અને AIDS, જાહેર આરોગ્ય અથવા સ્વાસ્થ્યવિષયક વ્યવસ્થા તંત્રો-ના ક્ષેત્રોમાં કામ કરનાર તજજ્ઞ વ્યક્તિઓ-ની ન્યાયના હિતમાં, સહાય લઇ શકશે.

(૭) ફરિયાદ અધિકારીને, દાખલ, ઓપરેશનો (વાઢકાપો) અથવા સારવાર કરવા-નો અને સાર્વત્રિક સાવચેતીની જોગવાઇનો આદેશ કરવા સહિતની તબીબી કટોકટીના કિસ્સામાં વચગાળાના હુકમો પસાર કરવાની સત્તા રહેશે:

પરંતુ ફરિયાદ અધિકારીએ, શક્ય હોય તેટલું જલ્દી, આવા વચગાળાના હુકમો પસાર કર્યા પછી, પક્ષકારોને, સુનાવણીની વાજબી તક આપીને, તેમની રજૂઆતો ધ્યાનમાં લેવી જોઇશે અને યોગ્ય હોય તો, સોગંદ પર પુરાવો મેળવીને, યોગ્ય હુકમો પસાર કરી શકશે.

(૮) ફરિયાદ અધિકારીએ, ફરિયાદ મળ્યાના ત્રીસ દિવસની મુદતની અંદર અને પક્ષકારોને સુનાવણીની તક આપ્યા પછી, તે (હુકમ) ના કારણો આપીને, તેઓને યોગ્ય લાગે તેવો હુકમ પસાર કરવો જોઇશે:

પરંતુ HIV પોઝિટિવ (સંક્રમિત) વ્યક્તિઓની તબીબી કટોકટીના કિસ્સામાં, ફરિયાદ અધિકારીએ, ફરિયાદ મળ્યેથી, ચોવીસ કલાકની અંદર અથવા શક્ય તેટલું જલ્દી, આવો હુકમ પસાર કરવો જોઇશે.

(૯) ફરિયાદીને, ફરિયાદના સંબંધમાં લીધેલા પગલાંની જાણ કરવી તે તેમજ ફરિયાદો, તેના નંબર, અને પ્રકાર અને આવી ફરિયાદોના સંબંધમાં લીધેલા પગલાં અને પસાર કરેલા હુકમો, ફરિયાદ અધિકારીની વેબસાઇટ પર પ્રસિદ્ધ થયા છે તે સુનિશ્ચિત કરવાની, ફરિયાદ અધિકારીની ફરજ રહેશે: પરંતુ ફરિયાદ અધિકારીએ, વેબસાઇટ પર હુકમો પ્રસિદ્ધ કરતી વખતે, રક્ષિત વ્યક્તિની સંપૂર્ણ ગોપનીયતા જાળવવી જોઇશે.

(૧૦) ફરિયાદ અધિકારીએ, ફરિયાદ કરનાર તમામ પક્ષકારોને, ફરિયાદનો નિર્ણય લીધાના ૭ દિવસની અંદર લેખિત હુકમની નકલો આપવી જોઇશે.

(૧૧) ફરિયાદ અધિકારીએ, ફરિયાદ કરનાર તમામ પક્ષકારોને, તેઓએ પસાર કરેલા હુકમ વિરુદ્ધ ન્યાયિક સમીક્ષાની માગણી કરવાના તેમના હક અંગેની જાણ કરવી જોઇશે.

(૧૨) ફરિયાદ અધિકારીએ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, કાયદા વિભાગ તથા રાજ્ય AIDS નિયંત્રણ મંડળ-ને, સામયિક સમીક્ષાના હેતુ માટે, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા આપવામાં આવેલા પત્રકમાં, કેસોના નિકાલના પ્રકાર પર અને અનિર્ણીત કેસો બાબતનો ત્રિમાસિક રિપોર્ટ (અહેવાલ) મોકલવો જોઇશે.

(૧૩) ફરિયાદ અધિકારી સમક્ષની તમામ કાર્યવાહીઓ, ભારતના ફોજદારી અધિનિયમ (સન ૧૯૬૦ના ૪૫મા)ની કલમ ૧૯૩ના અર્થ મુજબ ન્યાયિક કાર્યવાહીઓ હોવાનું ગણાશે.

**૮. ફરિયાદ અધિકારીએ કરેલા હુકમો.-** ફરિયાદ અધિકારી, તપાસ કર્યા પછી, ખાતરી થયેથી, નીચેનામાંથી એક અથવા એકથી વધુ હુકમ/ હુકમો કરી શકશે:

(૧) ઉલ્લંઘન સંબંધી કેસ પાછો ખેંચવા અથવા તેની સુધારણા માટેના હુકમો કરવા;

(૨) ઉલ્લંઘન કર્યું હોય તેવી વ્યક્તિને, ઉલ્લંઘન કર્યું હોય તેને લગતી બાબતમાં વકીલની સલાહ લેવાની નક્કી કરેલી મુદતમાંથી અને સામાજિક સેવાની નક્કી કરેલી મુદતમાંથી પસાર થવાનો આદેશ કરતા હુકમો કરવા કે જેમાં બિન-સરકારી સંસ્થામાં કામ કરતી, HIVને લગતું કામ કરતી, રક્ષિત વ્યક્તિના નેટવર્ક (તંત્ર-વ્યવસ્થા) અથવા રાજ્ય સરકાર હેઠળના સમુચિત સત્તામંડળ-માં કામ કરતી વ્યક્તિનો સમાવેશ થશે;

(૩) ચોક્કસ પગલાં લેવા અથવા ખાસ કાર્યવાહીઓ કરવા અથવા તે બન્ને કરવા અંગે આદેશ કરવાનો;

(૪) ઉલ્લંઘન કર્યું હોય તેવી કોઇપણ વ્યક્તિને, ફરિયાદ અધિકારીના હુકમના અમલીકરણ સંબંધી નિયમિત રિપોર્ટ્સ (અહેવાલો), ફરિયાદ અધિકારીને કરવાનો આદેશ કરવાનો;

(૫) જેની બાબતમાં વાજબી જણાય ત્યારે ખર્ચ અંગેના હુકમો કરવા અને આવી રકમનો ઉપયોગ, HIV પોઝિટિવ (સંક્રમિત) વ્યક્તિઓના કલ્યાણ માટે કરવો જોઇશે;

(૬) જેની સંભાળ હેઠળ HIVથી પીડિત બાળક અથવા HIV પીડિત વ્યક્તિ અથવા HIV પોઝિટિવ (સંક્રમિત) વ્યક્તિ રાખવામાં આવ્યું/આવી હોય તેવા આરોગ્ય સંભાળ પ્રબંધક (હેલ્થકેર પ્રોવાઇડર) અથવા વ્યક્તિઓ અથવા સંસ્થાઓ-ને, તબીબી કાળજી, ચિકિત્સાપદ્ધતિ, મનોરોગ ચિકિત્સા જેવી તાત્કાલિક સારવાર અને જરૂરિયાત આધારિત પરામર્શ, વ્યાવસાયિક ચિકિત્સાપદ્ધતિ-વિગેરે (બાબતો)નો સમાવેશ કરતી માનસિક મદદ જેવી સેવાઓ-ને લગતા આદેશો સહિતના સદરહુ વ્યક્તિની સંભાળ, સુરક્ષા અને પુનર્વસવાટ-ને લગતી સુવિધાઓ માટેના આદેશો (કરવાના);

(૭) અન્ય કોઇપણ કામગીરીને લગતો કોઇ બીજો હુકમ.

**૯. કાનૂની કાર્યવાહીઓમાં ઉપનામને નોંધવાની રીત અને ઓળખ છૂપાવવા માટેની જોગવાઇ.-**

(૧) કોઇપણ કાનૂની કાર્યવાહીમાં, અધિનિયમની કલમ ૩૪ (૧) (ક) અનુસાર કોઇ ન્યાયાલય (કોર્ટ) આદેશ કરે ત્યારે, કોઇ રક્ષિત વ્યક્તિ અથવા અન્ય કોઇપણ વ્યક્તિ દ્વારા થયેલી, આવી રક્ષિત વ્યક્તિની ઓળખ છૂપાવીને, ન્યાયના હિતમાં કાર્યવાહી કરવામાં આવી છે અથવા તેના કોઇ ભાગનું સંચાલન કરવામાં આવ્યું છે તેવી અરજીને આધારે, કોર્ટના રજિસ્ટ્રારે, તેમાં સામેલ તમામ પક્ષકારોને:-

(૧) સંબંધિત પક્ષકારોના પૂરા નામ, ઓળખ અને ઓળખદર્શક વિગતો સંબંધિત દસ્તાવેજોની એક નકલ, ન્યાયાલય સમક્ષ ફાઇલ કરવાનો આદેશ કરવો જોઇશે કે જે (નકલ) બંધ કવર (પરબીડિયા)માં અને રજિસ્ટ્રાર પાસેની સલામત કસ્ટડી (કબજા)માં રાખવી જોઇશે;

(૨) સંબંધિત પક્ષકારોનું પૂરેપુરું નામ, તેમની ઓળખ અને મુકરર કરેલી વિગતો ધરાવતા દસ્તાવેજોની એક નકલ એવું ફરમાવીને કાર્યવાહીમાંના બીજા પક્ષકારોને બજાવવી જેથી કરીને સંબંધિત પક્ષકારોનું પૂરેપુરું નામ અને તેમની ઓળખ ગોપનીય રાખવાનું સુનિશ્ચિત કરી શકાય .

(૨) રજિસ્ટ્રારે, કોર્ટ સમક્ષ રજૂ કરેલા દસ્તાવેજોમાં કાનૂની કાર્યવાહીમાં સામેલ વ્યક્તિઓનું રક્ષણ કરવા તેમની ઓળખ અને કાનૂની કાર્યવાહીમાં સામેલ રક્ષિત વ્યક્તિઓની ઓળખની વિગતો ગોપનીય રહે તે રીતે ઉપનામ આપવા જોઈશે;

(૩) કોર્ટ દ્વારા ફરમાવવામાં આવે, તો રજિસ્ટ્રારે, કોર્ટ સમક્ષ સુનાવણી માટે કાનૂની કાર્યવાહી સૂચિબદ્ધ થયાની પહેલી તારીખે કોર્ટ સમક્ષ સીલબંધ કવરમાં દસ્તાવેજો મૂકવા જોઈશે;

(૪) કોર્ટ બોર્ડ પર કેસની યાદી, વચગાળાના હુકમો અને અંતિમ ચુકાદા સહિત કાનૂની કાર્યવાહીના સંબધમાં કોર્ટ દ્વારા તૈયાર કરેલા તમામ દસ્તાવેજોમાં કાનૂની કાર્યવાહીમાં સામેલ રક્ષિત વ્યક્તિઓની ઓળખ અને તેમનો ઓળખની વિગતો ઉપનામમાં દર્શાવવી જોઈશે;

(૫) મદદનીશો અને કર્મચારી સહિત કોઈપણ વ્યક્તિ અથવા તેમના પ્રતિનિધિઓ દ્વારા કાનૂની કાર્યવાહીમાં સામેલ રક્ષિત વ્યક્તિની ઓળખ અને તેમની ઓળખની વિગતો જાહેર કરવી જોઈશે નહિ;

અપવાદ: ન્યાયના હિતમાં, રક્ષિત વ્યક્તિનું નામ અને ઓળખ, ત્રાહિત વ્યક્તિને જાહેર કરવું જરૂરી હોય, તો માત્ર કોર્ટના હુકમ દ્વારા જ મંજૂરી આપવામાં આવશે;

(૬) ઉપર્યુક્ત કાનૂની કાર્યવાહીને સંબંધિત કોઈપણ બાબતને ઇલેક્ટ્રોનિક અથવા અન્ય કોઈપણ સ્વરૂપમાં છાપકામ અથવા પ્રકાશન, કાનૂની કાર્યવાહીમાં પક્ષકારોની ઓળખને છુપાવવાનું સુનિશ્ચિત કરીને કરવામાં આવ્યુ હોય, તો તે કાયદેસર ગણાશે; (૭)

અધિનિયમ હેઠળ તેની સમક્ષ કોઈપણ કાનૂની કાર્યવાહીમાં, કોર્ટ, અધિનિયમની કલમ ૧૧ની જોગવાઈઓ અનુસાર રક્ષણાત્મક પગલાંનું પાલન કરશે;

(૮) ફરિયાદ અધિકારી પણ તપાસ યોજતી વખતે ઉપર્યુક્ત જોગવાઈઓ અનુસરીને રક્ષિત વ્યક્તિની ઓળખ સુરક્ષિત રાખવી જોઈશે.

**૧૦. બાળકોની સંભાળ અને રક્ષણ.-**

(૧) રાજ્ય સરકારે, એચઆઈવી અથવા એચઆઈવી-પોઝિટિવ બાળકો દ્વારા અસરગ્રસ્ત થયેલા તમામ બાળકોની સંભાળ અને રક્ષણ માટે ઉચિત પગલાં લેવા જોઈશે જેમાં એચઆઈવી નિવારણ, પરામર્શ અને પરીક્ષણ પ્રવૃત્તિઓનો પણ સમાવેશ થાય છે;

(૨) રાજ્ય સરકારે, કિશોરન્યાય (બાળકની સંભાળ અને રક્ષણ બાબત) અધિનિયમ, ૨૦૧૫ હેઠળ સ્થાપવામાં આવેલી બાળ સંભાળ સંસ્થામાં રહેતા હોય તેવા એચઆઈવી અથવા એચઆઈવી-પોઝિટિવ બાળકો દ્વારા અસરગ્રસ્ત થયેલા તમામ બાળકોને મફત આરોગ્યસંભાળ સેવાઓ અને સારવાર પણ સુનિશ્ચિત કરવી જોઈશે;

(૩) બાળ કલ્યાણ સમિતિએ, એચઆઈવી અથવા એઈડ્સ (AIDS) દ્વારા અસરગ્રસ્ત બાળકોની મિલકત સંબંધિત દસ્તાવેજો સલામત રાખવા માટે ઉચિત પગલાં લેવા જોઈશે.

(૪) રાજ્ય સરકારે, આ નિયમોના જાહેરનામાઓના ત્રણ મહિનામાં એચઆઈવી અથવા એઈડ્સ (AIDS) દ્વારા અસરગ્રસ્ત બાળકોની મિલકતના રક્ષણ માટેનું તંત્ર (માળખું) અને કાર્યપદ્ધતિ નિયત કરવી જોઈશે.

(૫) ફરિયાદ અધિકારીએ, બાળ કલ્યાણ સમિતિ સાથે અસરકારક જોડાણો સ્થાપિત કરવા જોઈશે અને તેમના અધિકારક્ષેત્રમાં આવતા કેસને સ્થાનાંતરિત કરવા જોઈશે.

(૬) સમુચિત સત્તાધિકારીએ, એચઆઈવી દ્વારા અસરગ્રસ્ત તમામ બાળકો અથવા એચઆઈવી અસરગ્રસ્ત વ્યક્તિઓ અથવા એચઆઈવી-પોઝિટિવ વ્યક્તિઓને બાળ કલ્યાણ સમિતિ વિશેની માહિતીનો પ્રચારપ્રસાર કરવો જોઈશે.

**૧૧. તપાસ માટેની કાર્યરીતિ.-**

ફરિયાદ અધિકારીએ, અધિનિયમ અને આ નિયમોની કોઈપણ જોગવાઈઓ હેઠળ કોઈપણ તપાસ યોજતી વખતે દીવાની કાર્યરીતિ અધિનિયમ અધિનિયમ, ૧૯૦૮ હેઠળ દીવાની કોર્ટ માટે નિયત કરેલી કાર્યરીતિ અનુસરવી જોઈશે.

**૧૨. અહેવાલ ગુપ્ત ગણવા બાબત.-**

એચઆઈવી દ્વારા અસરગ્રસ્ત કોઈપણ બાળક અથવા એચઆઈવી અસરગ્રસ્ત વ્યક્તિ અથવા એચઆઈવી-પોઝિટિવ વ્યક્તિને લગતા અને ફરિયાદ અધિકારી અથવા અધિકારી અથવા આરોગ્યસંભાળ પૂરી પાડનાર અથવા સંસ્થા દ્વારા વિચારણામાં લીધેલા તમામ અહેવાલો ગુપ્ત ગણવામાં આવશે:

પરંતુ ફરિયાદ અધિકારી, પોતાને યોગ્ય લાગે તો એચઆઈવી દ્વારા અસરગ્રસ્ત કોઈપણ બાળક અથવા એચઆઈવી અસરગ્રસ્ત વ્યક્તિ અથવા એચઆઈવી-પોઝિટિવ વ્યક્તિના કેસ રેકર્ડ, હુકમો અને સંબંધિત કાગળોના ઉપલબ્ધ કરી શકશે.

**૧૩. લોક જાગૃતિ માટેના પગલાં.-**

રાજ્ય સરકારેએ સુનિશ્ચિત કરવા જરૂરી પગલાં લેવા જોઈશે કે-

(૧) અધિનિયમ અને આ નિયમોની જોગવાઈઓની, જાહેર જનતા, એચઆઈવી દ્વારા અસરગ્રસ્ત બાળક અથવા એચઆઈવી અસરગ્રસ્ત વ્યક્તિ અથવા એચઆઈવી-પોજિટિવ વ્યક્તિઓને જાણ કરવા માટે સમયાંતરે ટેલિવિઝન, રેડિયો અને પ્રિન્ટ મીડિયા સહિત માધ્યમ મારફત બહોળો પ્રચાર થાય;

(૨) રાજ્ય સરકારના અધિકારીઓ અને અન્ય સંબિધિત વ્યક્તિઓએ, અધિનિયમની જોગવાઈઓના અમલ સંબંધિત બાબતો પર સમયાંતરે તાલીમ અપાય.

**૧૪. શુદ્ધબુદ્ધિથી લીધેલા પગલાંનું રક્ષણ.-**

અધિનિયમ અથવા કોઈપણ આ નિયમો અનુસાર શુદ્ધબુદ્ધિથી કરેલા અથવા કરવા ધારેલા કોઈ કૃત્ય બદલ ફરિયાદ અધિકારી અથવા રાજ્ય સરકારનો અધિકારી અથવા ફરિયાદ અધિકારી અથવા યથાપ્રસંગ રાજ્ય સરકારના નિદેશો હેઠળ કામ કરતા કોઈપણ વ્યક્તિ સામે કોઈ દાવો, ફોજદારી કામ અથવા કાનૂની કાર્યવાહી માંડી શકાશે નહિ.

**૧૫. જોગવાઈઓના અપાલન બાબત.-**

કોઈપણ કેસમાં, ફરિયાદ અધિકારી અથવા અધિકારી અથવા આરોગ્ય સંભાળ પૂરી પાડનાર અથવા સંસ્થા, અધિનિયમ અથવા તે હેઠળ ઘડેલા આ નિયમોની જોગવાઈઓનું પાલન કરવામાં નિષ્ફળ રહે, તો રાજ્ય સરકાર, આવા ફરિયાદ અધિકારી અથવા અધિકારી અથવા આરોગ્યસંભાળ પૂરી પાડનાર અથવા સંસ્થા સામે યોગ્ય તપાસ કર્યા પછી પગલાં લઈ શકશે અને તેની સાથો સાથ અધિનિયમ અને નિયમોના અસરકારક અમલીકરણ માટે કાર્યો બજાવવા માટે વૈક્પિલ વ્યવસ્થા કરશે.

**નમૂનો ૧**
**(જુઓ નિયમ ૬ (૨))**
**ફરિયાદ અધિકારીને ફરિયાદ કરવા માટેનો નમૂનો**

નામ: ----------------------- (વૈકલ્પિક) તારીખ:------------------------------

ફોન/મોબાઈલ નંબર: ---------------------------------------

ઈમેઈલ:--------------------------------- ફેક્સ------------------------------

પત્ર વ્યવહાર માટેનું સરનામું: --------------------------------

બનાવની તારીખ: ----------------------------------------------

બનાવનું સ્થળ: --------------------------------------------

______________________________________________

______________________________________________

બનાવનું વર્ણન:

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

બનાવ માટે જવાબદાર વ્યક્તિ/સંસ્થા:

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

ફરિયાદી*ની સહી/અંગૂઠાની છાપ

* જ્યાં ફરિયાદ ટેલિફોનથી મળે અને ફરિયાદ અધિકારી દ્વારા લખાણમાં મૂકવામાં આવે, તો ફરિયાદ અધિકારીએ નમૂનામાં સહી કરવી જોઈશે.ફક્ત કચેરીના ઉપયોગ માટે:

યુનિક ફરિયાદ નંબર : ______________________________________________

સંદર્ભ: પોતે/રાજ્ય કક્ષાના નેટવર્ક/ડીએલએન/ડીએલએન/એનજીઓ/અન્ય

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**એસ. એન. ગોસાઈ,**

સરકારના ઉપસચિવ.

----------

Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2023.02.27 15:37:39 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar